# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-12-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, ટકાઉ શહેરી વિકાસ એ આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવાનો મજબૂત પાયો છે.
2) મુખ્યમંત્રીએ શહેરી વિકાસ વર્ષ 2025ની ઉજવણી પ્રસંગે સુરતવાસીઓને 600 કરોડ રૂપિયાથી વધુના વિકાસકામોની ભેટ આપી.
3) કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટિલે જળ સંચય પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, જળસંચય એ આજની તાતી જરૂરિયાત છે.
4) પીએમ સૂર્યઘર મફત વિજળી યોજનાનાં અમલીકરણમાં દેશમાં 25 ટકાના યોગદાન સાથે ગુજરાત દેશમાં પ્રથમસ્થાને.
5) ઓપરેશન કારાવાસ હેઠળ ગુજરાત પોલીસે પેરોલ અને જામીન પર છૂટ્યા બાદ જેલમાં પરત ન ફરનારા 41 જેટલા આરોપીઓને ઝડપી પાડ્યાં.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM – ALL INDIA MAYORS COUNCIL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, શહેરોનો સર્વગ્રાહી આર્થિક, સામાજિક વિકાસ અને ટકાઉ શહેરી વિકાસ એ પ્રધાનમંત્રીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવાનો મજબૂત પાયો છે.

સુરતમાં યોજાઈ રહેલી અખિલ ભારતીય મેયર્સ પરિષદની 116મી રાષ્ટ્રીય કાર્યકારીણી બેઠકનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે કહ્યું કે, પ્રધાનમંત્રીએ શહેરીકરણના પડકારોને અવસરમાં પલટાવીને ગુજરાતમાં અર્બન ડેવલેપમેન્ટ મોડલની પહેલ 2005માં શહેરી વિકાસથી કરી હતી.

(બાઈટ – મુખ્યમંત્રી, શહેરીવિકાસ)

આ પ્રસંગે શહેરી વિકાસ અને નાણામંત્રી કનુભાઈ દેસાઈએ તમામ મેયરોને પ્રોત્સાહન આપતા કહ્યું કે, ગુજરાતે 48 ટકા શહેરીકરણનો ધ્યેય સિધ્ધ કર્યો છે. વર્ષ 2047 સુધીમાં 75 ટકાનો લક્ષ્યાંક પરિપૂર્ણ કરવાની દિશામાં ગુજરાત ઝડપભેર આગળ વધી રહ્યું છે. આ મેયર્સ પરિષદમાં 16 શહેરોના મેયરો ઉપસ્થિત રહ્યાં હતાં.

. . . . . . . . . . . .

# CM – SURAT DEVELPMENT WORK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વર્ષ 2025 ની ઉજવણી પ્રસંગે સુરતવાસીઓને 600 કરોડ રૂપિયાથી વધુના વિકાસકામોની ભેટ આપી છે.

વીર નર્મદ યુનિવર્સિટીના કન્વેશન હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીની દીર્ઘદ્રષ્ટિવાળા નેતૃત્વનો લાભ સમગ્ર દેશની સાથે ગુજરાતને પણ મળી રહી છે. ગુજરાત તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. તેની સાથે સાથે સુરતે સ્વચ્છતામાં સમગ્ર દેશમાં ડંકો વગાડ્યો છે. શ્રી પટેલે હિમાયત કરી કે, સુરતના નાગરિકો સ્વચ્છતાને સ્વભાવ બનાવે.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરીવિકાસ સત્તામંડળના 249 કરોડના વિકાસકામોનું લોકાર્પણ અને 109 કરોડના કામોનું ખાતમૂહૅત કર્યું હતું. આ ઉપરાંત અર્બન રિંગ કોર્પોરેશન દ્વારા તૈયાર થનારા 242 કરોડના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કર્યું હતું.

(બાઈટ – મુખ્યમંત્રી, સુરત વિકાસ)

નાણામંત્રી કનુ દેસાઈએ કહ્યું કે, વર્ષ 2025-26માં શહેરીવિસ્તારોના  વિકાસ માટે રાજ્ય સરકારે 30 હજાર કરોડનું બજેટ ફાળવ્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ વોટ્સએપ ચેટબોટની ઓનલાઈન પેમેન્ટ બેંકની શરૂઆત કરાવી હતી.

. . . . . . . . . . . . .

# C.R. PATIL - KUTCHH

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટિલે જળ સંચય પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, જળસંચય એ આજની તાતી જરૂરિયાત છે. કચ્છના મુંદરા તાલુકાની ભૂખી નદીને નવપલ્લવિત કરવાના કાર્યનું ખાતમુહૂર્ત કરતાં તેમણે આ મુજબ જણાવ્યું હતું. આ પ્રસંગે શ્રી પાટિલે લોકોને જળ સંચય કરવાની અપીલ કરી હતી.

**(બાઈટ - સી.આર.પાટિલ )**

ભૂખી નદી પુનર્જીવિત પ્રોજેક્ટનો ખાતમુહૂર્ત સમારોહ ગાંધીધામના ટાગોર રોડ સ્થિત ડો. બાબાસાહેબ આંબેડકર કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયો હતો.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.................................

# PM SURYA GHAR YOJNA

પીએમ સૂર્યઘર મફત વીજળી યોજનાનાં અમલીકરણમાં દેશમાં 25 ટકાના યોગદાન સાથે ગુજરાત દેશમાં પ્રથમસ્થાને છે. ઉર્જામંત્રી ઋષિકેશ પેટલે જણાવ્યું છે કે, ગુજરાતે અત્યાર સુધીમાં પીએમ સૂર્યઘર મફત વીજળી યોજના હેઠળ લક્ષ્યાંકના 49 ટકાથી વધુ કાર્ય પૂર્ણ કર્યું છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ....

(વોઈસ કાસ્ટ – અજય ઈન્દ્રેકર)

ગુજરાતે અત્યાર સુધીમાં પીએમ સૂર્યઘર યોજના હેઠળ કુલ એક હજાર 886 મેગોવોટ સોલર ક્ષમતાની ચાર લાખ 96 હજાર રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવી છે. જે રાજ્યના લક્ષ્યાંકના 49 ટકાથી વધુ છે. વર્ષ 2027 સુધીમાં આ યોજના હેઠળ દસ લાખ રહેણાંક રૂફટોપ સોલાર સ્થાપવાનું લક્ષ્યાંક છે.

રાજ્યમાં રહેણાંક અને બિન રહેણાંક ક્ષેત્રે કુલ છ હજાર 315 મેગાવોટની સોલાર સિસ્ટમ લગાવેલી છે. જેનાથી દરવર્ષે નવ હજાર 386 મિલીયન યુનિટ વીજળી ઉત્પન્ન થશે. તેના પરિણામે દર વર્ષે 6.38 મિલીયન મેટ્રિક ટન કોલસાની બચત થશે. 8.33 મિલીયન ટન $CO_2$ ના ઉત્સર્જનમાં ઘટાડો થશે.

સરકારે આ યોજનાને વધુ વેગવંતી બનાવવા ગ્રાહકોને પ્રોત્સાહન આપવા માટે સબસીડી આપવામાં આવે છે. રાજ્યમાં રહેણાંક ક્ષેત્રે સોલાર માટે લોડની કોઈ મર્યાદા નથી. લોકો માટે ઘરે ઉત્પન્ન થતી વધારાની વીજળીની વેચાણની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે.

અજય ઈન્દ્રેકર આકાશવાણી, અમદાવાદ.

. . . . . . . . .

# GUJARAT- OPRATION KARAVAS

ગુજરાત પોલીસે જામીન કે પેરોલ પર છૂટ્યા બાદ જેલમાં પરત ન ફરનારા આરોપીઓને પકડવા માટે 'ઓપરેશન કારાવાસ ' શરૂ કર્યું છે , જેમાં ગુજરાત પોલીસને મોટી સફળતા મળી છે.

આ ઓપરેશન અંતર્ગત વિસ્તૃત માહિતી આપતા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું કે , છેલ્લા ૧૫ દિવસમાં પોલીસે ૪૧ આરોપીઓને ઝડપી પાડ્યા છે. તે પૈકી ૧૫ જેટલા આરોપીઓ પાંચ વર્ષથી વધુ સમયથી ફરાર હતા. ૨૫ આરોપીઓ મૃત્યુ પામ્યા હોવાનું ઓપરેશન કરાવાસ દરમિયાન જાણવા મળ્યું છે. તે તમામના મૃત્યુ પ્રમાણપત્ર મેળવીને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે આ ૨૫ આરોપીઓ પૈકી ૧૭ આરોપીઓ પાંચ વર્ષથી વધુ સમયથી ફરાર હતા.

નોંધનીય બાબત છે કે , ઓપરેશન કારાવાસ અંતર્ગત પકડાયેલા આ તમામ આરોપીઓ હત્યા, દુષ્કર્મ જેવા ગંભીર ગુનામાં આજીવન કેદની ભોગવી રહ્યાં હતાં.

શ્રી સહાયે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસની આ સફળતા પાછળ તેમની ખંતપૂર્વકની મહેનત અને વ્યૂહાત્મક કામગીરી રહેલી છે. પોલીસે માત્ર હ્યુમન ઇન્ટેલિજન્સનો જ નહીં , પરંતુ ટેક્નિકલ સર્વેલન્સનો પણ અસરકારક ઉપયોગ કરીને આ આરોપીઓને પકડવામાં ખૂબ મોટી જહેમત ઉઠાવી છે.

શ્રી સહાયે આ સફળતા બદલ સમગ્ર ટીમોને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતાં.

. . . . . . . . . . . .

# MORBI- YURIYA

મોરબી જિલ્લાના હળવદ તાલુકામાંથી આઠ લાખથી વધુ કિંમતનું 400 બેગ નીમકોટેડ યુરિયા ખાતરનો જથ્થો પોલીસે પકડી પાડ્યો છે.

મોરબીના ડી.વાય.એસ.પી સમીર સારડાએ જણાવ્યું હતું કે, કોયબા ગામના પાટીયા પાસેથી પસાર થતાં એક ટ્રકમાંથી આ જથ્થો પકડી પાડવામાં આવ્યો હતો હાલમાં ટ્રક ડ્રાઈવર અને પાઇલોટિંગ કરી રહેલા કારચાલકની ધરપકડ કરવામાં આવી છે. આ અંગે વધુ માહિતી આપી રહ્યાં છે. ડી.વાય.એસ.પી સમીર સારડાએ..

(બાઈટ -- સમીર સારડા, Dy.SP મોરબી)

. . . . . . . . . . . .

# JITU VAGANI - GAUSHALA

પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીએ રાજકોટના સાંઢવાયા ગામની રામગર બાપુ ગૌશાળામાં ગાયોના મૃત્યુની ઘટના અંગે ત્વરિત પગલાં લેવા પશુપાલન વિભાગના અધિકારીઓને આદેશ આપ્યો છે.

પશુપાલનમંત્રીના આદેશથી પશુપાલન વિભાગના અધિકારીઓની ઉચ્ચસ્તરીય ટીમ ઘટનાસ્થળે જવા રવાના થઈ છે. જે સમગ્ર પરિસ્થિતીનો તાગ મેળવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે સાંઢવાયા ગામની એક ગૌશાળામાં એકસાથે કેટલીક ગાયોના અગમ્ય કારણોસર મૃત્યુ થયા હતાં. જેને શ્રી વાઘાણીએ ગંભીરતાથી લઈને ત્વરીત પગલા ભરવા અધિકારીઓને આદેશ આપ્યા છે.

. . . . . . . . . . . . .